વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**વંચાણે :** અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૦૩/૨૦૧૭ નવસારી તા.૧૭/૦૪/૨૦૧૭

## સુધારા પરિપત્ર

**ખરીફ કૃષિ મહોત્સવ–૨૦૧૭ માટે કૃષિ સાહિત્ય તૈયાર કરવા બાબત...**

જયભારત સહ જણાવવાનું કે, કૃષિ મહોત્સવ–૨૦૧૭ના આયોજન માટે માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૨૦/૦૪/૨૦૧૭ના રોજ નવસારી ખાતે મળેલ પ્રથમ બેઠકની કાર્યવાહીની નોંધના મુદ્દા નં. ૨ અન્વયે નકકી થયા મુજબ દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકો, કૃષિ યુનિવર્સિટીની વિવિધ ટેકનોલોજી અને ખેડૂતોની જરૂરિયાતને ધ્યાને લઈને સેમિનાર તથા કૃષિ પ્રદર્શનમાં ભાગ લેનાર ખેડૂતોને આપવા માટે કૃષિ સાહિત્ય તૈયાર કરવાનું થાય છે. આ માટે અત્રેની કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રમાં આંશિક સુધારો કરીને આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ વિભાગોના વડાઓએ હવે પછી તેઓના વિભાગ સામે કોલમ–૩માં જણાવેલ વિષય પર કોલમ–૫માં જણાવેલ સંખ્યામાં બુકલેટ/ ફોલ્ડર યુનિવર્સિટી દ્વારા માન્ય કરેલ પ્રિન્ટર્સ પાસે તૈયાર કરાવીને મોડામાં મોડા **તા.૦૩/૦૫/૨૦૧૭** સુધીમાં અત્રેની કચેરીમાં પહોંચતા કરવા વિનંતી છે.

કૃષિ સાહિત્યની પ્રિન્ટીંગની કામગીરી અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૪/૨૦૧૭ નવસારી તા.૧૭/૦૧/૨૦૧૭થી પરિપત્રિત કરેલ આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના માન્ય કરેલ પાર્ટીઓ/ભાવોથી કરાવવાની રહેશે. આણંદની પ્રેસ પેનલના ભાવો નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૧૭/૦૧/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે. કૃષિ સાહિત્યની પ્રિન્ટીંગનો ખર્ચ જે તે વિભાગોના વડાઓએ તેઓના હસ્તકની પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર./અધર એજન્સીની યોજનાઓની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૦૯/૨૦૧૭
નવસારી તા. ૨૧/૦૪/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ જયભારત સહ રવાના :**

(૧) પશુપાલન નિયામકશ્રી અને કન્વીનર, કૃષિ મહોત્સવ કેન્દ્રીય મોનીટરીંગ સેલ, કૃષિભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૨) સહ પ્રાધ્યાપકશ્રી, ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પોડીયમ લેવલ, કૃષિભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૩) પરિશિષ્ટ–૧માં દર્શાવેલ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

# પરિશિષ્ટ–૧

**ખરીફ કૃષિ મહોત્સવ–૨૦૧૭ માટે કૃષિ સાહિત્ય તૈયાર કરવા બાબત.**

| અ. નં. | વિભાગનું નામ | વિષય | સાહિત્યનો પ્રકાર | નકલો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | સજીવ ખેતી | બુકલેટ | ૧૫૦૦ |
| ૨ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | કૃષિ પેદાશોનું મૂલ્યવર્ધન | બુકલેટ | ૧૫૦૦ |
| ૩ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી | બુકલેટ | ૧૫૦૦ |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ નવસારી | પિયતની વૈજ્ઞાનિક પધ્ધતિઓ | બુકલેટ | ૧૫૦૦ |
| ૫ | આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી | ઔષધિય પાકોની ખેતી | બુકલેટ | ૧૫૦૦ |
| ૬ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ડાંગર સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ખરીફ ડાંગરની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| ૭ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | શેરડીની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| ૮ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત | બી.ટી. કપાસની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૯ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત | જુવારની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૦ | નોડલ ઓફિસરશ્રી (મેગાસીડ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | તુવેરની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૧ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા | ૧. આંબાની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| | | ૨. કાજુની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૨ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(ફળ), ફળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, ગણદેવી | ૧. ચીકુની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| | | ૨. કેળની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૩ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧. કંદમૂળ પાકોની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| | | ૨. ફુલોની ખેતી(ખુલ્લા ખેતરમાં) | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૪ | આચાર્યશ્રી,પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧. નફાકારક પશુપાલન | ફોલ્ડર | ૩૦૦૦ |
| | | ૨. બકરાં પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૩. મરઘાં પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૪. દક્ષિણ ગુજરાતમાં મત્સ્યપાલનની તકો | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૫ | આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | ૧. ઘાસચારાના પાકોની ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| | | ૨. મશરૂમની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| ૧૬ | આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી | ૧. ચંદનની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૨. એલોવીરાની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૩. મધમાખી પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૪. નીમ્બાડાની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| ૧૭ | આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ | ૧. દાડમની ખેતી | ફોલ્ડર | ૧૫૦૦ |
| | | ૨. સીતાફળની ખેતી | ફોલ્ડર | ૧૫૦૦ |
| | | ૩. જામફળની ખેતી | ફોલ્ડર | ૧૫૦૦ |
| | | ૪. ખજુરની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |